# કળા : ટિકટિકિર લેઝ

(કળા એટલે ગરોળીની પૂંછ!)

બંગાળના શાંતિપુર જવાનાં બે આકર્ષણ હતાં. એક તો ત્યાંથી મુલાયમ ધોતી લેવાની હતી. અને બીજું, ઘોડાનાલ તાલ પાસે ચરપનપારામાં રહેતા, બાઉલ બિનીત દાસને મળવું. અમારો મિત્ર સુનીલ રે તે બાઉલને ખૂબ જ ચાહે છે. તે સદાય તેની વાતો કરતો તેથી ખાસ ઇચ્છા થઈ હતી.

બપોરે ભોજન પછીના સમયે, આશરે બે વાગ્યે અમે આશ્રમે પહોંચ્યા. અમને જોઈ બિનીત દાસ ખુશ થયા. તેમનો આશ્રમ ઘોડાનાળ જેવા તળાવના પશ્ચિમ છેડે આવેલો છે.

અમે તેમને ધોતી ખરીદવા માટે શાંતિપુર જવાની વાત કરી. તો તે જાતે સાથે આવવા તૈયાર થઈ ગયા. બાઉલની આ સરળતા જ તેની વિશિષ્ટતા અને મૂડી છે.

બાઉલ સાથે આવવાથી ધોતીના વેપારી પર ચોક્કસ પ્રભાવ પડ્યો. તેમણે પોટલાં ઉતારી ઉતારી, સારી અને વાજબી ભાવમાં ધોતી બતાવવાનું શરૂ કર્યું. એક સ્થાન પર પોટલું ઉપાડતાં પાછળ છુપાયેલી ગરોળી કૂદી અને ફરસ પર પડી. અમે તો કશી હરકત ન કરી, પરંતુ બાજુમાં બેઠેલી કેટલીક મહિલાઓ ગભરાઈ ગઈ!

આ જોઈ બાઉલ હસ્યો અને બોલ્યો, “જવા દો! તે ક્યારેય ફરસ પર નહીં રહે, હમણાં જ દીવાલ પર ચઢી જશે! તે અમારી જેમ “ઊલટા પાથી” છે.

ખરીદી કરીને અમે આશ્રમે પહોંચ્યા, ત્યારે તેમણે તે ઘટનાની સાથે તંતુ જોડીને વાત આગળ વધારી, “મોસાય! ‘મનેર માનુષ’ અને ટિકટિકી (ગરોળી) ચધ્છે ઘણી સામ્યતા છે! મારા ગુરુ તો તેને “બિન દીક્ષાય ગુરુ” (દીક્ષા આપ્યા વિના થયેલા ગુરુ) કહેતા. તો કહેતા કે આપણાં નાચ, ગાન, ભજન એ બધા મનેર માનુષ સુધી પહોંચવાના રસ્તાઓ જરૂર છે, પણ રસ્તા તો આખર રસ્તા હોય છે, તે કંઈ ફરિસ્તા થોડા થઈ શકે? રસ્તા પર સારાં ઠેકાણાં આવે તેમ

નરસાં પણ આવે! આ જ રસ્તાઓ ક્યારેક પ્રશંસા, પદ, પ્રતિષ્ઠા, પૈસા, ઐશ્વર્ય વગેરે અનેક પ્રલોભન તરફ લઈ જાય, તે સમયે જાગૃત રહી, દુશ્મનથી ઘેરાયેલા ટિકટિકીની જેમ, પૂંછડીને ખેરીને, ભાગે તે મનેર માનુષ સાચો. લોકો તે નૃત્ય, ગીત, સંગીત, વગેરેની છટપટતી પૂંછડીને જ મનેર માનુષ માની, કળા માની, જોયે રાખે ત્યાં મનેર માનુષ ધ્યેય પર પહોંચી જાય. આપણી ગુહ્ય સાધનાનું અંતરંગ રહસ્ય કોઈ કુપાત્ર જાણી ન જાય, તે માટે આ ગીત, સંગીત, નૃત્યનું અમોઘ હથિયાર બાઉલને બક્ષ્યું છે, જેમ ગરોળીને અજ્ઞાત ભય સામે બચવા માટે ખરતી પૂંછડી આપી છે તેમ! સમાજ એમ સમજે છે કે આ ગીત, સંગીત, નૃત્ય તે બાઉલનું એક અંગ છે, તે સાચા છે, બાઉલનું અંગ ખરું, પણ ગરોળીની ખરતી પૂંછડી જેવું અંગ! દુઃખની વાત તો તે છે કે કેટલાક કાચા બાઉલ પણ તે ગીત–સંગીત–નૃત્યની તીગડીને જ મહત્ત્વનું અંગ માની, તે ક્યારેય ખરી ન જાય તેની કાળજી રાખી, જીવનભર તે જ કામ કરે છે!

બીજી વાત, ગરોળીની જેમ બાઉલ પણ "ઊલટા પાથી" (ઊલટા માર્ગે ચાલનાર) છે. ગરોળી ઊભી દીવાલ પર ચઢે છે! બાઉલ પણ વિપરીત રાહ પસંદ કરે છે. અમને લોક જેમ બહુ પસંદ નથી કરતા, તેમ ગરોળીને પણ લોકો પસંદ નથી કરતા, જોઈ જાય કે તરત ઝાડુ લઈને કાઢે છે! અમે સદાય લોકોની નજરે ચઢ્યા વિના, છુપાયેલા રહેવું પસંદ કરીએ છીએ, તેમ ગરોળી પણ સદા છુપાયેલી રહે છે. અમારી જેમ દમ રોકી શાંત રહેતી ગરોળી, ક્યારેય અમારી ઝૂંપડીમાં નથી આવતી, પણ દૂર રહી અમને શિખામણ આપે છે.

# આંબલીના કાતળા ગરમ જોઇએ કે ઠંડા?

એપ્રિલ, ૨૦૨૨ના ઢાકાપ્રવાસમાં એક અભરખો હતો. નજરૂલ ઇસ્લામનો એક પ્રિય બાઉલ હતો. તેનો એક શિષ્ય જીવિત હતો. તેને ઢાકામાં મળવું હતું. નઝરૂલનાં પત્ની, અન્નપૂર્ણાદેવી હિન્દુ હતાં. ખરેખર તો આ બાઉલ અન્નપૂર્ણાજીનો સંગી હતો. ઢાકાના ઉત્તર છેડે, ટોંગા પરગણામાં મિલિતકમાલ મદરેસાની બાજુમાં, આ બાઉલ વસે છે. અનેક બાઉલકથા અને ગીતોની ચર્ચા થઈ, પણ તે પૈકી એક અહીં રજૂ કરું છું.

મારા ગુરુનું નામ દમા દાસ. તેઓ બાળપણથી ગુરુ સુંદર દાસ પાસે હતા. તેમનું બાળપણનું નામ દીન હતું, તેમાંથી દમા દાસ કેમ થયું તે વાત સાંભળીએ.

સદા ઘૂમતા બાઉલ સુંદર દાસ સાથે બાળક દમા દાસ પણ બધે જ ફરતા, ગાતા અને વગાડતા. એક વખતે તેઓ પદ્માના પૂર્વ કાંઠે ચારધાર ગામમાં હતા અને પદ્મા વળોટી સગર્ધાર ગામ જવું હતું, તેથી નદીકાંઠે હોડીની રાહ જોતા હતા. કાંઠા પરની વિશાળ આંબલી જોઈ બાળક દમા દાસને આંબલી ખાવાની ઇચ્છા થઈ. ગુરુ દમાના ભાવ કળી ગયા. તેમણે કહ્યું, “તું આંબલી પર ન ચઢી શકે, ચાલ, આંબલી નીચે જઈએ, ત્યાં ઉપર કોઈક લાગે છે, તેને કહીશું.” બંને ગુરુ-શિષ્ય આંબલી નીચે ગયા. ઊંચું જોઈને દમા દાસ બોલ્યો, “ભાઈ, મારે આંબલી ખાવી છે, થોડી આપને?” આંબલી પર ચઢેલો, દસ-બાર વર્ષનો છોકરો બોલ્યો, “જોય ગુરુ! ભાઈ હું ભરવાડ નથી, હું પણ બાઉલ છું, મારું નામ કાપિ બાઉલ!” તેની વાત સાંભળી દમા દાસ રાજી રાજી થઈ ગયો.

પછી કાપિ દાસે ઝાડ પરથી જ પૂછ્યું, “કેવી આંબલી આપું? ઠંડી કે ગરમ?

દમા દાસ તો ચકિત થઈ ગયો! આંબલી કૈં ગરમ કે ઠંડી થોડી હોય? તેણે માર્ગદર્શન માટે ગુરુ સુંદર દાસ સામે જોયું, ગુરુએ કહ્યું, “મૂંઝાય છે શું! વારફરતી બંને માગજે! પહેલાં ઠંડી માગ, પછી ગરમ માગજે!”

દમા દાસે કાપિ બાઉલને કહ્યું, “ઠંડી આપ!”

કાપિ દાસ બોલ્યો, “તારો ગમછો ફેલાવ!”

દમા દાસે ગમછો ફેલાવ્યો, કાપિ દાસે ઉપરથી ઘા કરી તેમાં ચાર-પાંચ આંબલીના કાતળા ફેંક્યા! દમા દાસે પ્રેમથી ખાધા. ગુરુ સુંદર દાસને કહ્યું, "આંબલી મીઠી પણ છે અને ઠંડી પણ છે!" ઘેઘૂર આંબલીની છાંયમાં કાતળા ઠંડા હોય તે તો સ્વાભાવિક છે!

હવે દમા દાસે ઊંચે જોઈ કાપિને કહ્યું, 'ભાઈ, હવે ગરમ આપ!"

કપિ દાસ બોલ્યા, "ભલે." તેમ બોલી તેણે ઉપરથી થોડા કાતળાનો ઘા કર્યો! કાતળા ગમછાને બદલે નદી કાંઠાની ઝીણી ધૂળમાં પડ્યા. દમા દાસે તે ઉઠાવી લીધા. અને તેના પર ચઢેલી ધૂળને, ફૂંક મારી, ઉડાડી ઉડાડી, મોજથી ખાવા લાગ્યો. કાતળા ખવાતા હતા ત્યાં સુધી તો તેમાં રસ હતો, ત્યાં સુધી તો તેનાં ગરમ-ઠંડાપણા તરફ ધ્યાન નહોતું, પછી અંતિમ ટુકડા વખતે યાદ આવ્યું તેથી તે ઊંચે જોઈ, બોલ્યો, "અરે! કાપિ! આ કાતળા તો ઠંડા જ છે!"

કાપિ દાસે નીચું માથું નમાવી, વચ્ચે આવતી ડાળોને દૂર કરી, ગુરુ સુંદર દાસ સામે જોયું, અને બોલ્યો, "ગુરુ, જુઓ, તમારો શિષ્ય કેવો જુઠ્ઠાબોલો છે! તમે પણ જોયું હશે કે તે કાતળાને ફૂંક મારી મારી, ઠારી ઠારીને ખાતો હતોને? જો ગરમ નહોતા તો ફૂંક મારવાની શું જરૂરત હતી?"

સુંદર દાસ બાળક કાપિ બાઉલની વાત પર હસ્યા.

પાંચ વર્ષ પછી, દમા દાસને ગુરુએ તે પ્રસંગ યાદ કરાવ્યો. અને કહ્યું,

'દેહના દમનું પણ તેવું જ છે. આરસીનગર (મન) પરની રજ ઠંડી હવાથી ઊડી જાય, ગરમ હવાથી વધુ ચોંટે અને આરસીને ધૂંધળી બનાવે, તેમ કહી એક નાના અરીસા પર, થોડી ઝીણી રજ નાખી, મોં અને હોઠને અર્ધી ભૂંગળીની જેમ ખોલી, ફૂંક મારી, સપાટી પરની બધી રજ ઊડી ગઈ! આરસી ચોખ્ખી થઈ ગઈ!

ફરી આરસીની સપાટી પર ઝીણી ધૂળ નાખી, સપાટીને રજોટાયેલી કરી. આ વખતે મોં પહોળું કરી સપાટી પર ઉચ્છ્વાસ કાઢ્યો, સપાટી પરની રજ હલી પણ નહીં, ઊલટું ઉચ્છ્વાસનો ભેજ સપાટી પરની રજ સાથે ચોંટી ગયો, રજ અને ભેજના મિશ્રણથી અરીસો વધુ ધૂંધળો થઈ ગયો.

વાતનું સમાપન કરતાં ગુરુએ કહ્યું, "પ્રાણ શ્વાસની જ આ બધી રમત "ખેલા" છે! શ્વાસ લેતાં અને ઉચ્છ્વાસ છોડતાં આવડી જાય, તો રજ શું, રજ, તમ અને સત્ત્વ બધુંય ઊડી જાય! આરસીનગરમાં ફક્ત આપણે જ જોવા મળીએ."

# દીપ અને સ્થાન

પાકુર જિલ્લાના શીતલપુકુરના પૂર્વ કાંઠે નાઝારપુર ગામની સીમમાં ઉમાં દાસ બાઉલ રહે છે. વયોવૃદ્ધ બાઉલ પાસે ભારત-પાક ભાગલાથી માંડી નક્સલવાદ વિષયક અનેક વાતો બાઉલિયા અર્કમાં લસોટાયેલી સંભાળવા મળે.

અમે તેમની પાસે બેઠા હતા ત્યારે તેમણે એક એવી જ વાત માંડી કે આજથી પાંત્રીસ વર્ષ પહેલા (ઈ. સ. ૧૯૭૦) એક કૉન્ગ્રેસી આગેવાન, જે મારા ગુરુના મિત્ર પણ હતા, જ્યોતિ દાસ કોઈ વાત ખુલ્લમખુલ્લા ન કહેતા, પણ મર્મપૂર્ણ રીતે અને સચોટ રીતે કહેતા. તે મારા ગુરુ જ્યોતિ દાસ પાસે પ્રશ્ન લઈને આવવાના હતા કે આ નક્સલવાદ સામે કઈ રીતે લડવું.

આ બાબત માટે તેઓ આવવાના છે તેની જાણ કરતો એક ખેપિયો પણ તેમણે બે દિવસ પહેલાં મોકલ્યો હતો. મહેમાનના આગમનની પૂર્વતૈયારી માટે આશ્રમને ઠીકઠાક કરવાનો સમય મળી ગયો હતો. આશ્રમની બે કુટિરને વ્યવસ્થિત કરાવી લીધી હતી. તે કામ મુખ્ય શિષ્ય તરીકે મને સોંપાયું હતું. બંને કુટિરમાં વાંસની મોટી ચટાઈ પથારી હતી અને બે દીવા રાખ્યા હતા, જેમાં એક મોટો હતો અને એક નાનો હતો. દીવો રાખવા માટે એક પેઢલી (Lemp Post) હતી. ફરક એટલો જ હતો કે એક કુટિરમાં લૅમ્પ પોસ્ટ પર નાનો દીવો અને નીચે જમીન પર મોટો દીવો, જ્યારે બીજી કુટિરમાં લૅમ્પ પોસ્ટ પર મોટો દીવો અને જમીન પર નાનો દીવો રાખ્યો હતો.

નિયત સમયે મહેમાન આવ્યા. ગુરુ સાથે વાત કરી. પ્રશ્નના ઉત્તર માટે એક પત્રવાચન કરવું જરૂરી છે તેમ કહી ગુરુ તેમને એક કુટિરમાં લઈ ગયા. બધા જ અનુયાયી સાથે આગેવાન મહાશય કુટિરમાં પ્રવેશ્યા, જેમાં મોટો દીવો જમીન પર અને નાનો દીવો લૅમ્પ પોસ્ટ પર હતો. આગેવાનની સાથે રહેલા સહાયકે મોટેથી પત્રનું વાચન કર્યું. કુટિરમાં હાજર બધા જ લોકો ટેકેદાર સહિત અનુયાયીઓએ આ પત્રની વિગત શાંતિથી સાંભળી. વાચન ચાલતું હતું ત્યારે આગેવાન કાનથી પત્રની વિગત સાંભળતા હતા અને આંખથી ટેકેદારોના ચહેરા જોઈ તેમનું આ પત્ર પ્રત્યેનું વલણ અવલોકતા હતા.

પત્રવાચન પૂર્ણ થતાં બાઉલ આગેવાનને બહાર લઈ ગયો અને પૂછ્યું, “આપણી સાથે રહેલા કાર્યકરો આ પત્રની વિગત સાથે સહમત છે કે અસહમત? તેમનો અભિપ્રાય સમજાયો?” આગેવાને વિનમ્રતાથી કહ્યું, “બાઉલ! રૂમમાં પ્રકાશ ઓછો હતો તેથી યત્ન કરવા છતાં દરેકના ચહેરાના ભાવ હું કળી શક્યો નથી. હવે હું પૂછીશ તો બધાનો નિર્ભેળ અભિપ્રાય નહીં આવે, તેમાં દંભ અને કૃતકતા ભળી ગઈ હશે! તેથી હું તને આ પત્રના સંદર્ભે મારા અનુયાયીઓનો અભિપ્રાય કહી શકીશ નહીં. વળી બીજી વાત, બહુ જ તીવ્ર પ્રકાશવાળો દીવો વાંચનારને પણ વ્યવધાન ઊભું કરતો હતો તેની પણ આંખ અંજાઈ જતી હોવાથી સહજ રીતે વાંચી નહોતો શકતો, પણ મને કેમ લાગ્યું કે આ નોંધ નક્સલવાદ સામેની લડતમાં જરૂરી નથી?”

બાઉલ હસ્યા અને કહ્યું, “કશો વાંધો નહીં, બીજો પત્ર આપું, તે બાજુની કુટિરમાં વાંચીએ. જરૂરી વ્યવસ્થા કરેલી છે, ચાલો!”

બધા જ સભ્યો, આગેવાન અને બાઉલ બાજુની કુટિરમાં ગયા. જ્યાં નાનો દીવો જમીન પર અને મોટો દીવો ઉપર, લૅમ્પ પોસ્ટ પર રાખેલો હતો.

પત્ર વાંચનાર સરસ રીતે વ્યવધાન વિના પત્ર વાંચી ગયો. આગેવાન મોટા દીવાના અજવાસમાં તેના અનુયાયીઓના ભાવ, ભાવપલટ, સમજી શક્યો. તેણે બાઉલને કહ્યું, “બાઉલ! મારા વીસમાંથી સોળ અનુયાયી સહમત અને ચાર વિરુદ્ધમાં છે.” બાઉલે કહ્યું, “સારું!”

આગેવાને પૂછ્યું, “હવે, જે પ્રશ્ન માટે હું આવ્યો છું તેના વિશે માર્ગદર્શન આપો.” બાઉલે કહ્યું, “તમને મેં “બડી ચાબિ” (Master Key) તો આપી દીધી! તમારા શાસનમાં ઊલટું છે, નાના દીવા ઊંચા સ્થાને અને મોટા દીવા આંખો ખેંચી ખેંચીને પણ નીચા સ્થાને નિષ્ઠાથી પોતાની ફરજ બજાવે છે. પહેલી કુટિર જેવી નહીં, બીજી કુટિર જેવી વ્યવસ્થા ગોઠવો!... બધું ઠીક થઈ જશે.”

વાતની પૂર્તિ કરતા ઉમા દાસે કહ્યું, “તે પછીના એક વર્ષમાં જ બંગાળમાંથી નક્સલવાદ ખતમ થઈ ગયો!”

મારી સાથે રહેલા રમજુ અહેમદે કહ્યું, “તમારા ગુરુ હયાત છે? અત્યારે માર્ગદર્શન આપે?” ઉમા દાસે કહ્યું, “ગુરુ સદેહે નથી, પણ ગુરુ ક્યારેય મૃત્યુ પામતા નથી, તે અપાયેલા બોધ સ્વરૂપે સદાય સાથે અને સાથે જ હોય છે!”

# દીવો જ્યોતનો હિંડોળો

ઇચ્છામતી નદીએ ઉત્તર તરફના વળાંકને મૂકી, ત્યાં ઘોડાનાલ જેવો આકાર છોડી દઈ, ત્યાં સરોવર રચી દીધું હતું. તે બેરીબોર સરોવરના કાંઠે, મોમિનપુર ગામના સીમાડે, સરજિત દાસ બાઉલનો આશ્રમ છે.

અમે ત્યાં રાત્રે પહોંચ્યા. પહોંચ્યા કે તરત વીજળી ગુલ થઈ ગઈ. બધે અંધકાર છવાઈ ગયો. બંગાળ માટે આ સહજ ઘટના છે, બધાએ પ્રકાશ માટેની વૈકલ્પિક વ્યવસ્થા માટે, દીવો, ફાનસ, વગેરે કંઈક સગવડ રાખી જ હોય છે.

એક શિષ્યે દીવો સળગાવ્યો. અમે બેઠા હતા તે કુટિરમાં મૂક્યો. કોણ જાણે કયા પ્રકારનું દિવેલ નાખ્યું હશે કે દીવાની જ્યોત કરતાં વધુ ઝડપથી ગંધ આખી કુટિરમાં પ્રસરી ગઈ. મારી સાથે આવેલો રહેમત બોલી ઊઠ્યો, “ખૂબ જ ગંધ આવે છે!”

સરજિત દાસ બોલ્યા, “હજુ રસોઈ થઈ નથી ત્યાં તમને ગંધ આવવા માંડી?” બધા હસવા લાગ્યા. રહેમતે ખુલાસો કર્યો, “જે દીવો સળગે છેને, તેની ગંધ આવે છે તેની વાત કરું છું.”

સરજિત દાસ બોલ્યા, “દીવા અને ગંધ પર રામિ બાઉલનેરનું એક ગીત છે, સાભળો, કદાચ તમારી ગંધ ઊડી જશે.”

*લોક બોલે, ભાઈ! આનો બાતિ જલાબાઈ!*
*ઝલે પ્રદીપે પરતે ચોખ;*
*એસેછ પોરા તેલેર ગંધ!*
*લોકે બોલે, ભાઈ! કેનો બાતિ જલાબાઈ!*

*પોરા ચોખે અંજન ઉદ્દેશેય;*
*કુનજરેર પલતે તિલક કારનેય!*

*લોકે બોલે, આમિ એટાઈ બાતિ જલાબાઈ!*

*શિખાર દોલે દોલતે આમિ;*
*કેબલ આલોકેર કારન રામિ!*

*તુમિ તુમિ દેખતે હેતું આનૂલ બાતિ જલાબાઈ!*

ગુજરાતી સમગાન :

*લોકો કહેતા કે લાવ, દીવો સળગવું!*
*દીવડામાં વાંચી ને આંખો બળતી!*
*તેલ પૂર્યું એવું કે ગંધ વછૂટતી!*
*લોકો કહેતા કે ભાઈ! કેમ દીવો સળગાવું!*

*બળતી આંખોમાં અંજન કરવા;*
*લમણે ટીકો કરી નજર ઉતારવા!*
*લોકો કહેતા કે ભાઈ! એમ દીવો સળગાવું!*
*ઝૂલવાને જ્યોતિનાં હિંડોળા ખાટે!*
*રાખિ સળગાવે તમને જોવા માટે!*
*ખાલી તમને જોવા, પ્રેમ દીવો સળગાવું!*

ગીત પૂરું કરી સરજિત દાસ બોલ્યા, "ઘટના ભલે એક જ છે, દીવો સળગાવવાની! પણ બધાના હેતુઓ અલગ અલગ છે. કોઈ વાંચવા માટે દીવો સળગાવે, અને દીવાના પ્રકાશમાં એટલું વાંચે છે કે તેની આંખો દુખવા માંડે છે."

દુખતી આંખનો દુખાવો દૂર કરવા તેમાં અંજન કરવાનું વિચારે છે. તેથી, ફરી તે દીવાને જ શરણે જાય છે. અંજન કરવાના હેતુથી કાજળ એકઠું કરે છે. તેનું અંજન થતાં, આંખના દુખાવામાં રાહત થાય છે.

પણ તેની કજરાળી આંખોના ખીલેલ સૌંદર્ય પર કોઈની કુદૃષ્ટિ પડવાનો ભય લાગે છે! તેથી નજર ઉતારવાનો ટીકો કરવા માટે કોઈ સલાહ આપે છે! તે ટીકો કરવા માટેનું કાજળ મેળવવા ફરી તે દીવાના શરણે જાય છે! અને તે કાજળથી લમણા પર ટીકો કરે છે.

આ ત્રણે કામ માટે તે શુદ્ધ તેલ માગે છે. તેલ અશુદ્ધ હોય તો આંખ બળે, ગંધ આવે, આંખોને ઠંડક આપે તેવું કાજળ ન મળે, ત્વચાને નુકસાન ન કરે તેવા ટીકા માટે દીવા પાસે તેવું કાજળ ન મળે!

પરંતુ બાઉલ દીવો પ્રગટાવે ત્યારે કોઈ વિશિષ્ટ તેલ ન માગે! ગમે તે ચાલે! તે કહે છે, "તેલમાં ટહેલ શાની?" કારણ કે બાઉલને ન કાજળ, ન વાચન, ન ખુશબૂ, ન નજર ઉતારવાનો ટીકો, કશું જ દીવા પાસેથી નથી જોઈતું. તેને તો માત્ર તે (ભનેર

માનુષ)ને જોવા માટે, જ્યોતના હિંડોળે હીંચવા માટે, અજવાસ જોઈએ છે. તેને જ્યોતના પ્રકાશમાં ક્યાંય જવું પણ નથી, પહોંચવું પણ નથી, બસ, ત્યાં જ્યોત સાથે જ ઝૂલવું છે!

આ વાત પૂરી થઈ, ત્યાં તો વીજળી આવી ગઈ! અમારી અંદર તો ખબર નથી, પણ આશ્રમના પરિસરમાં અજવાળાં ઝોંકાર થઈ ગયાં.

# ગોબાયેલો ઘડો

મોટાં ખરાં, પણ ઓછાં વૃક્ષો. આશ્રમ સુંદર અને ભંડારદહા નદીને સાવ ઘસાઈને આવેલો. બાઉલ રોશન અલી ખૂબ જ મળતાવડા સ્વભાવના બાઉલ છે.

અમે હરિહર પાડાથી રોશન અલીના ગામ સિમુલિયા જવા નીકળ્યા ત્યારે એક ગ્રામવાસીએ કહ્યું, “પીવાલાયક પાણી સાથે રાખજો!” તેથી હરિહર પાડાથી પાંચ લિટરની એક પાણીની બૉટલ સાથે લઈ લીધી.

આશ્રમે જઈ બધો સમાન ઉતાર્યો. અમારા થેલા, સાથે આશ્રમ માટે લાવેલાં ફળ વગેરે ઊતરતાં હતાં. તે વખતે પાણીની બૉટલ પણ ઉતારી, રસ્તામાં અડધું પાણી તો પીવાઈ ગયું હતું, પણ બૉટલ દબાણમાં આવવાથી ગોબી ગઈ હતી.

રિક્ષામાંથી ઊતરતી આ બધી જણસને રોશન અલી બાઉલ જોતા હતા. તેમની નજરમાં આ ગોબી ગયેલી બૉટલ પણ આવી ગઈ. તે બોલ્યા, “આ અમારી ભંડારદહા નદી બે-ચાર વર્ષે તેનું વહેણ ફેરવી નાખે. જ્યાં પાણીની છોળ હોય ત્યાં કૂવા ગાળવા પડે અને બીજે નપાણિયા વિસ્તાર લીલાછમ થઈ જાય, પણ હમણાં ત્રણ વર્ષથી સિમુલિયા તરફ જ વહી રહી છે. ભંડાર નામ જ એવું! ક્યારેક છલોછલ તો ક્યારેક ખાલીખમ.

સાંજે વાળુ કરીને બેઠા હતા ત્યારે રોશન અલીએ કહ્યું, “પેલી પાણીની બૉટલ લાવો તો...” મારી સાથે આશિષ હલધર હતા. તે શરમાઈ જઈને બોલ્યા, “બાઉલ! એવી તૂટેલી, દબાયેલી બૉટલ ક્યાં કાઢવી! જવા દોને! એ ફેંકી જ દેવાની છે.” રોશન અલીએ કહ્યું, “નહીં, નહીં, તે બૉટલે મને મારા ગુરુ સજન દાસને યાદ કરાવી દીધા.”

પછી રોશન અલીએ સજન દાસની વાત માંડી, “આ આશ્રમ મારા પરમગુરુનો સજાવેલો છે. તેમણે તે આશ્રમ સજન દાસને વારસામાં આપ્યો અને સજન દાસે મને તે વારસામાં આપ્યો છે.”

મારા ગુરુ નવ વર્ષની ઉંમરે આ આશ્રમમાં બાઉલસાધના માટે આવેલા. તેમના બાળપણમાં આ ભંડારદહા નદી વહેણ બદલીને પૂર્વમાં ખસી ગઈ હતી. તેથી આશ્રમમાં પાણીની ખૂબ જ તંગી પડી ગઈ હતી.

નવ વર્ષની ઉંમરે માથા પર કુંભ લઈને નદીમાં ગાળેલી કુઈ પાસે, અડધો માઈલ દૂર, પાણી ભરવા જવું પડતું. આશ્રમના દસેદસ સહપાઠી બાઉલ શિષ્ય એકસાથે ઊપડતા. બધાએ માથા પર ઘડા લીધા હોય, પણ સિંચવા માટેનો ગોબાયેલો કુંભ અને સિંચણીયું કોઈ ન લે! મારા ગુરુ હંમેશા તે ગોબાયેલા કુંભ અને સિંચણિયું ઉપાડે! તેમની આ પસંદગી અને નિખાલસતાથી જ તે ગુરુ બધા શિષ્યમાં પ્રિય થઈ ગયા હતા. ગુરુકૃપાથી જ તે બધા જ સહપાઠી ગુરુભાઈઓમાં પ્રથમ દીક્ષિત થયા હતા તેમ જ અંત સમયે ગુરુએ તેમને આ આશ્રમના વારસદાર નિયુક્ત કર્યા.

અમે રોશન અલીને પૂછ્યું, “રોશન! ગોબાયેલા ઘડાને અને આ વાતોને શું સંબંધ છે?”

તે બોલ્યા, “ગુરુએ મને કહ્યું તે હું તમને કહું, ગુરુએ કહેલું કે રૂપ અને ઘાટની ચાહક આ દુનિયામાં કોઈ ગોબાયેલા વાસણનો હાથ ન ઝાલે, અને જેને સૌ તિરસ્કાર કરે તેને કાંખમાં ઘાલે ને તે બાઉલત્વનું પહેલું લક્ષણ!”

ગોબાયેલું વાસણ જેમ જેમ વધારે ગોબતું જાય તેમ તેમ તેની પાત્રતા કરતાં ઓછું જ ગ્રહણ કરે. પોતાની પાત્રતા કરતાં ઓછું અંગીકાર કરવું, માન, સન્માન, દાન વગેરે ઓછું લેવું તે બાઉલનું બીજું લક્ષણ!

ગોબાયેલો કુંભ તો “અમરપાત્ર” છે! તે દરેક વખતે કુઈમાં ઊતરે, કુઈની કાળમીંઢ દીવાલ સાથે અથડાય, કુટાય, તળિયાના જળ માથે ઝીંકાય, અને બહાર આવી, બધાં જ પાત્રોને અભરે ભરે. ગોબાયેલા કુંભની બહારની સપાટી અથડાઈ, ઘસાઈ, ખરબચડી થઈ ગઈ હોય તેથી તે હાથમાંથી લસરે નહીં, લપટે નહીં, ગોબાયેલા કુંભનો આકાર વિકૃત થઈ ગયો હોય તેથી તેના પર કોઈ બીજું વાસણ ગોઠવી ન શકાય, હા, તે ગોબાયેલો કુંભ બીજાં બધાં વાસણ પર સર્વોચ્ચ સ્થાને ગોઠવી શકાય. નવા ચકચકિત ઘટને ગોબા પડવાનો ભય હોઈ ગોબાયેલો કુંભ નિર્ભય બની ગયો હોય! બીજા કુંભ પર કોઈ ને કોઈ વ્યક્તિ માલિકી ભાવ પ્રસ્થાપિત કરે, માથે કોતરેલું નામ શોધી હક સ્થાપિત પણ કરે, ગોબાયેલા ઘડા પર કોઈ માલિકી હક ન બતાવે, તેના પર કોતરાયેલું નામ તો ક્યારનું ભૂંસાઈ ગયું હોઈ, તે “સાર્વજનિક” બની ગયો હોય. પાણી ભરનાર વૃંદ પાસે વ્યક્તિ તેટલા ઘડા હોય, પણ સકલ વૃંદમાં, આવો ગોબાયેલો, સિંચવા માટેનો ઘડો, તો એક જ હોય.

બેટા રોશન! તું શું એમ માને છે કે આ બધાં દિવ્ય લક્ષણ ફક્ત ગોબાયેલ ઘડાનાં જ છે? ના, બેટા આ બધાં લક્ષણ તો ‘મનેર માનુષ’ સાથે નેડો જોડનાર બાઉલના છે. આ દિવ્ય લક્ષણને ત્યાગી, રંગ, રૂપ, અને ઘાટના મોહમાં પડીને, ચકચકિત ઘડો ઉપાડું તેટલો મૂર્ખ તો હું ત્યારે પણ નહોતો.”

અમે સૌ એ દબાઈ ગયેલી પાણીની બૉટલનો આભાર માની, આચમનરૂપે તેમાંથી કાઢીને એક એક પ્યાલો પાણી પીધું.

# માધુકરીનો મોલ

કદમ દાસ બાઉલનો આશ્રમ લગભગ ૬૦ કિલોમીટર દૂર હતો. અમે રઘુનાથગંજ પહોંચ્યા હતા. ત્યાં સમાચાર મળ્યા કે તમે મહોત્સવ (ભાચ્છાબ)માં કેમ ન પહોંચ્યા? પાંચ માસ પહેલાં ૨૫મી જ્યેષ્ઠા પર તો પૂર્ણ થયો. પાંચસોથી છસ્સો બાઉલ આવ્યા હતા. કદમ દાસના ગુરુ ચિંતન દાસના સમાધિ દિવસની ઉજવણીની વાત હતી. અમે તો આ વાતથી અજાણ હતા. તેથી તેમાં સામેલ થવાનો તો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નહોતો.

આ રીતે અમે પદ્માના દક્ષિણ કાંઠા પર કદમ દાસના આશ્રમે સાંજે છ વાગ્યે પહોંચ્યા. શિયાળાનો દિવસ હતો એટલે અંધારું છવાઈ ગયું હતું. કદમ દાસ, શિષ્ય જતીન દાસ અને અન્ય પાંચેક શિષ્ય અમારી રાહ જોતા હતા.

ત્યાં અમને કંઈક નવો જ નજારો જોવા મળ્યો. એક વ્યક્તિ બાઉલ કદમ દાસના પગ પાસે બેસી ચોધાર આંસુએ રડતી હતી. જાણે કોઈ ભયંકર અપરાધ કર્યો હોય તે રીતે માફી માગતી હતી. કદમ દાસ સાંત્વના આપતા હતા.

મને વાત જાણવામાં રસ પડ્યો તેથી હું તો કપડાં બદલાવવા કે નહાવા પણ ન ગયો. બસ, ત્યાં જ બેસી રહ્યો, પરંતુ તે માણસનો શું દોષ હતો? તે બાઉલની શું કામ માફી માગતો હતો? તે કશું સમજાયું નહીં.

સળંગ અડધો કલાક આ "માફીનામા"નો પ્રસંગ ભજવાયો, પછી તે માણસ ચાલ્યો ગયો.

કદમ દાસ મારી આંખોમાં રહેલા પ્રશ્નાર્થની ચમકને કળી ગયા હતા. તેમણે પૂછ્યું, "સોતીશ મોસાય! તમારે તે શું વાત હતી તે જાણવી છેને?" મેં હા કહી.

તે બોલ્યા, "ગુરુ ચિંતન દાસની પુણ્યતિથિ ૨૫મી જયેષ્ઠના રોજ હતી. તેથી હું તો એક માસ સુધી બધા જ અખાડાઓમાં રૂબરૂ આમંત્રણ આપવા નીકળી ગયો હતો. અહીં મહોત્સવની તૈયારીની જવાબદારી જતીન દાસને સોંપી હતી. જતીન અને બધા જ શિષ્યો સરસ કામ કરતા હતા. ગામની એક વ્યક્તિએ મંડપની જવાબદારી સ્વીકારી લીધી હતી. બધા જ શિષ્યોએ લાગલગાટ ૩૦

દિવસ માધુકરી કરીને આશરે ૪૦૦ કિલો ચોખા એકઠા કરી લીધા હતા. તે ચોખાને સાચવવા લીંબડાનાં પાન અને શણની બોરી વગેરે વ્યવસ્થા પણ કરી. હું તો ૨૦મી જયેષ્ઠના દિવસે પરત આશ્રમે પહોંચ્યો, ત્યારે તો બધી તૈયારી પૂર્ણ થઈ ગઈ હતી.

તે રાત્રે એવું બન્યું કે તે બાઉલ આશ્રમોમાં ક્યારેય બનતું નથી.બધા શિષ્યો શ્રમિત થઈને ઘસઘસાટ સૂઈ ગયા હતા ત્યારે આશ્રમના આંગણામાં પડેલા બધા જ ચોખા કોઈ ચોર ચોરી ગયો.

અમે સવારે ઊઠીને જોયું. સ્થાનિક દરોગાએ આવી, તપાસ કરી અને મને ફરિયાદ કરવા જણાવ્યું. મને થયું કે આ ચોખા ક્યાં મારા હતા? સમાજના હતા અને સમાજનો એક જરૂરિયાતમંદ માણસ જ લઈ ગયો છે. એમાં હું કેવી રીતે ફરિયાદી બનું? મેં ફરિયાદ કરવાનું વાજબી ન માન્યું, પણ સ્થાનિક દરોગાએ કહ્યું, “બાઉલ! તમે ભલે ફરિયાદ ન કરી, પણ ચોર જો આજુબાજુની પીઠમાં ચોખા વેચવા જશે, તો મારું ધ્યાન બધે જ રહે છે, તેને હું છોડીશ નહીં!”

ગામના બે બાઉલપ્રેમીએ મહોત્સવમાં જરૂરી બધા જ ચોખા તેમના તરફથી આપવાની જાહેરાત પણ કરી દીધી, તેથી તે પ્રશ્ન પૂરો થઈ ગયો. મહોત્સવ પણ સારી રીતે સંપન્ન થઈ ગયો.

થોડા દિવસ પછી મેં જતીનને પૂછ્યું, “પદ્માના કાંઠે મદ્યદહા પછીના વોંકળા પાસેનું ખેતર કોનું છે?” જતીને તપાસ કરી કહ્યું, “ગુરુ, તે ખેતર શ્રીકાર મંડલનું છે. તે આપણા આશ્રમે અવારનવાર આવે છે. સેવા પણ કરે છે.” મેં કહ્યું, “તે આપણા મહોત્સવના ચોખાનો ચોર છે! આપણે કશું કરવું નથી, પણ તને જણાવું છું.” જતીન આશ્ચર્યચકિત થઈ મારી સામે જોઈ રહ્યો.

વાતને આગળ વધારતાં બાઉલ બોલ્યો, “આજે તમે આવ્યા ત્યારે રડતો કકળતો હતોને તે જ શ્રીકાર મંડલ! તે રડતાં રડતાં કહેતો હતો, “બાઉલ, હું તારા ચોખાનો ચોર છું, મને સજા મળી ગઈ, મારો પાક નિષ્ફળ ગયો, મારી મહેનત માટીમાં મળી ગઈ, હવે મને માફ કર.”

મેં પૂછ્યું, “બાઉલ! તને પહેલાંથી જ કેમ જાણ થઈ ગઈ કે શ્રીકાર ચોર છે? તેનો પાક નિષ્ફળ કેમ ગયો? લોકોક્તિ છે કે બાઉલ મંત્રતંત્રના ગુપ્ત પ્રયોગો જાણતા હોય છે, શું તે તેવો કોઈ પ્રયોગ કર્યો હતો?”

બાઉલ હસ્યો, "ગુપ્ત સાધના જરૂર જાણીએ છીએ, પણ તે મનેર માનુષને શોધવા માટે વાપરીએ, ચોખાના ચોરને શોધવા થોડા વાપરીએ?"

વાત એમ છે કે અમારા મહોત્સવના ચોખા માટે તો બધા શિષ્યોએ આજુબાજુનાં દસ ગામોમાં અનેક ઘરે માધુકરી કરી અનેક જાતના ચોખા, જેમ કે કનકચૂર, હિમાલતન, ચિતકામિની, રાણી અખંડા, કાલાભાત, રાધુની પાગોલ, હોગલા, ભૂપેશ, રાજદીપ, કદમકરી, દાનારગુરી, તુલસીભોગ વગેરે ભેગા કર્યા હોય. અમારા ઉત્સવમાં મજા જ તે છે કે દરેક વર્ગની વ્યક્તિને તેની સોડમ અને સ્વાદ તેની થાળીમાં મળે તેની ભૂખ અને મન બંને સંતોષાય એટલે જ કહેવાય છે ને કે બાઉલનાં ભજન અને ભોજનમાં "સાબી લોકેર સબાદ" આવે, માગેલું ધાન ખાવાની એ જ તો મજા છે!

શ્રીકારે આ ચોખા ચોરી લીધા, પણ તેને ખાવાનું ન સૂઝ્યું, તે દરોગાને બોલતાં સાંભળી ગયો હતો તેથી ચોખાને દાણાપીઠમાં વેચી શકે તેમ તો હતો નહીં, તેથી તેણે તે ચોખા વાવણી માટે ઉપયોગમાં લીધા!

પણ આ તો બાઉલની માધુકરીના ચોખા! તેમાં કેટલાક ચોખા એક ફૂટના થાય, કેટલાક ત્રણ ફૂટના, કેટલાક ચાર અઠવાડિયાંમાં પાકે તો કેટલાક દસ અઠવાડિયાં, કેટલાક લીલાછમ ઊગે તો કેટલાક પોપટિયા ઊગે! કેટલાકને ખૂબ પાણી જોઈએ તો કેટલાક ઓછા પાણીએ પાકે! તેને વાવવાથી કાપવા સુધી અનેક ભેદનો સામનો કરવો પડે! તેથી પહેલાં શ્રીકારની નીયત બગડી, પછી તેનો પાક અને ખેતર પણ બગડ્યું! ફસલ નિષ્ફળ ગઈ!

મેં પૂછ્યું, "તને કેમ આગોતરી ખબર પડી ગઈ હતી?"

બાઉલ બોલ્યો, "હું માધુકરી માટે તે તરફથી નીકળેલો ત્યારે બીજાં ખેતરોમાં સમાન ઊંચાઈ, રંગની કમોદ લહેરાતી જોઈ! આ એક ખેતરમાં બધું જ અસમાન! રંગ, ઊંચાઈ, આકાર, જાત પ્રમાણે અલગ અલગ! એટલે સમજાઈ ગયું!"

પછી બાઉલ બોલ્યો, "તેથી તો કહેવાય છે કે બાઉલની માધુકરીનું ચૂગેલું ધન ક્યારેય ન ઊગે અને અમારી બાઉલી વાણી ક્યારેય ઊગ્યા વગર ન રહે!"

પછી કહ્યું, "કારણ ખબર છે? (ચોખા) અન્ન અંદર જાય છે અને બાની (નાદ) ઉલટા પાથે ઉપર આવે છે જે અમારો સહજ માર્ગ છે!"

# દીવો અને અંધારું

બપોરે ઢાકાની બળબળતી લૂમાં પણ સુહરાવર્દીને જલદીથી મળવાની તલપ હતી. સાંજે કાર્યક્રમમાં તો મળવાના જ હતા, પરંતુ બાઉલ કે (કળાકાર માત્ર)ને ગોઠડીમાં મળવાની જે મજા હોય તે જાહેર કાર્યક્રમ કરતાં ઔર જ હોય છે!

તેમને ઉતારો તો આપ્યો હતો "સબુજ" ત્રિ-તારક હોટેલમાં, પણ ત્યાં ગયા તો બાઉલ તો એ.સી. છોડીને બહાર પરસાળમાં ખુરશી નખાવી બેઠા હતા! મેં "જય ગુરુ" અભિવાદન કરી મારો પરિચય આપ્યો. તેમણે મંદ સ્મિત કરતાં કહ્યું, "મેં હૉર્ડિંગ્સમાં ફોટા જોયા હતા તેથી જોતાં જ ઓળખી ગયો હતો."

મેં કહ્યું, "સાંજે તો તમને સાંભળવાના છે, પરંતુ અત્યારે કંઈક તમારા ગુરુ વિશે વાત કરો!"

તે હસવા લાગ્યા, "શું કહું? બાંગલાદેશ અને હિન્દ તો એક માનુષની બે આંખ છે. જે ભારત જુએ તે જ હિન્દ જુએ છે! તેમણે જે જોયું તે હિન્દના દરેક સાધકે જોયું હોય. છતાં તે એક દીવાની વાત કરતાં તે મને ખૂબ ગમે છે, તે સાંભળો!

"તે કહેતા દીવાનું સિંહાસન જેવું છે! સિંહાસનને જેમ શણગારવું પડે તેમ દીવામાં પણ સતત તેલ પૂરતાં રહેવું પડે! તેની વાટ સંકોરતાં રહેવી પડે, મોગરી કાપતાં રહેવું પડે! કાચનો પોટો દરરોજ લૂછતાં રહેવું પડે. આ બધાં વાનાં કરો તોય દીવાની નીચે તો અજવાળું પહોંચે જ નહીં, નીચેના માણસો માટે તો અંધારું જ લખાયેલું હોય.

પણ હવે નવો જમાનો આવ્યો છે! દિવેલના દીવા દફન થઈ ગયા. પહેલાં જે તેલ ખાવામાં વપરાતાં તે જ તેલ દીવા પૂરવામાં વપરાતાં.

તેનાથી જ દીવો ઝળહળ રાખતા. હવેના દીવાને ઝળહળતો રાખવા માટે બીજુલી વાપરીએ છીએ, તે ખાવામાં લેવાનું તો દૂર રહ્યું, અડકી જઈએ તો પણ મરી જઈએ. આવા દીવા થઈ ગયા છે! આ દીવાની મોગરી ઉતારી શકાતી નથી, પવનનો જરાય ડર નથી, પ્રજ્વલિત કરનાર દીવાસળી તેને સ્પર્શી શકતી

નથી. તે કોઈ દૂર દૂરની ચાંપથી ચાલુ બંધ થાય છે. ગજબ દીવા છે! કેમ સળગે છે તે જ સમજાતું નથી.

મેં કહ્યું, "પણ બાઉલ! તે દીવાની નીચે અંધારું નથી, તે આનંદનો વિષય નથી?"

બોખું મોં આખું ખોલી, અટહાસ્ય કરતાં બાઉલ બોલ્યા, "હા નીચે અંધારું નથી, પણ નીચે અંધારું હોય ને તો તેનો ઉપાય થાય, આ તો દીવાની ઉપર અંધારું છે! જ્યાં હું કે તમે અંધકાર દૂર કરવા માટે પહોંચી ન શકીએ.

તેના હાસ્યના પડછંદા ઢાકા, કલકત્તા વગેરેને વીંધીને ક્યાંયના ક્યાંય દૂર સુધી જતા મને લાગ્યા!